જા.નં સસુખા/સીપીડી/૮૯/૨૦૧૮-૧૯

નિયામક,સમાજ સુરક્ષા ખાતની કચેરી,
ગાંધીનગર.
તા.૧૧/03/૨૦૧૯

---

**પરિપત્ર**

આથી આ કચેરીના ધ્યાન પર આવેલ છે કે, કેટલાક જિલ્લાઓની સરકારી/બિનસરકારી સંસ્થાઓના અધિક્ષકો/કર્મચારીઓને જિલ્લા બાળ સુરક્ષા એકમ તરફથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની સુચના મુજબ યાદી/ખુલાસાઓ પુછવામાં આવે છે અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી જાતે આવા યાદી/ખુલાસાઓ આપવાનું ટાળે છે. આ પ્રથા કોઇપણ રીતે યોગ્ય જણાતી નથી.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી જિલ્લાના સંકલન અધિકારી છે. તેથી તેઓ દ્વારા તેમની વિજીટ સમયે ધ્યાન પર આવેલ બાબતો અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી દ્વારા લેખિત રિપોર્ટ કરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીના ધ્યાન પર મુકેલ બાબતો પરત્વે સબંધીત સંસ્થાના અધિકારી/કર્મચારીશ્રીઓની સ્પષ્ટતા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓએ મેળવવાની રહે છે. તથા તેમના ખુલાસાઓ ગુણદોષ આધારે મંજુર કરવાના રહે છે. તેથી આ બાબતે ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય, જિલ્લાનો વહિવટ સુગમતાથી ચાલે અને સંસ્થાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓનો બિન જરૂરી અસંતોષ ઉભો ન થાય,બિન જરૂરી કોર્ટ કેસ ઉભા ન થાય તે બાબતે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીઓનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે.

આ બાબતે ચુસ્ત અમલ થાય અને કર્મચારીઓની પોતાની ફરજો પ્રત્યે નિરાશા ઉભી ન થાય તે અંગે જિલ્લા સ્તરે ફરજ બજાવતા સમયે સત્તાનો વિવેક પુર્ણ ઉપયોગ થાય તે બાબતે અમલ કરવા અત્રેથી નીચે મુજબના નકલ મોકલી આપેલ તમામ અધિકારીશ્રીઓને અમલ કરવા સુચના મોકલી આપવામાં આવે છે.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય ગાંધીનગર

<u>નકલ રવાના :-</u>

- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (તમામ)
- જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીઓ (તમામ)